હવે, ગાંધીનગર પોલીસ ફેસબુક પર

સતત પ્રજાના સંપર્કમાં રહીને પ્રીવેન્શન અને ડીટેકશન કામગીરી સઘન બનાવાશે : પ્રજા તેમની આસપાસ ચાલતી અસામાજીક પ્રવૃતિઓ સીધી પોસ્ટ કરી શકશે : ફેસબુક ઓપરેટીંગ પી.આઈ.કક્ષાના અધિકારી કરશે અને પ્રજાના પ્રશ્નો પર તાત્કાલિક એકશન લેવાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની પ્રજા સાથે સતત સંપર્કમાં રહી શકાય તથા સુરક્ષાના હેતુસર પ્રીવેન્શન અને ડીટેકશન તથા એકશન કામગીરી ઝડપી બનાવી શકાય તે આશયથી ગાંધીનગર જિલ્લા પોલીસનું ફેસબુક એકાઉન્ટ ખોલવા માટે ગૃહવિભાગમાં દરખાસ્ત કરવામાં આવી છે. વિભાગની મંજુરી મળતા જ ફેસબુક એકાઉન્ટ શરુ કરી દેવામાં આવશે. અને પી.આઈ. કક્ષાના અધિકારી આ એકાઉન્ટ ઓપરેટ કરીને પ્રજાની સમસ્યાઓ તથા તેમણે પોસ્ટ કરેલી આસપાસની બદીઓ પર તાત્કાલીક એકશન લેવામાં આવશે ઉલ્લેખનીય છે કે પોલીસ પોતાનીસફળ અને પ્રશંસનીય કામગીરી પણ પ્રજા સુધી પહોંચાડવા માટે પોસ્ટ કરશે તો કેટલીક જનજાગૃતિની પોસ્ટ પણ પોલીસ દ્વારા પ્રજાની રક્ષા અને સલામતી માટે કરવામાં આવશે.

પોતાના રહેણાંક વિસ્તારની આસપાસ ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓની જાણ હોવા છતાં પોલીસ સ્ટેશનની સીડીઓ ચઢવાના ડર તથા અન્ય કારણોસર પ્રજા તે પ્રવૃત્તિઓને પોલીસ સુધી પહોંચાડતી નથી આ આડખીલીને દૂર કરવાના પ્રયાસરૂપે તથા નગરને અસામાજીક બદીઓથી મુકત કરવાના આશયથી પ્રજા સતત ઘરે બેઠા બેઠા પોલીસના સંપર્કમાં ઈન્ટરનેટના માધ્યમથી રહી કે તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસનું ફેસબુક એકાઉન્ટ ખોલવા માટે ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી છે. ગૃહ વિભાગમાંથી મંજુરી મળતા જ ફેસબુક એકાઉન્ટ તથા પેજ શરુ કરી દેવાશે. પી.આઈ. કક્ષાના અધિકારી આ ફેસબુક પેજનું ઓપરેટીંગ તથા મોનીટરીંગ કરશે. ફેસબુકની મદદથી પોલીસની પ્રીવેન્શન, ડીટેકશન તથા એકશન કામગીરી સઘન બનશે. પ્રજાનાં સહકારથી પોલીસ ગુનાખોરી ડામવાનો પ્રયત્ન કરશે અને પ્રજાને સુરક્ષીત બનાવશે. ગાંધીનગર જિલ્લા પોલિસના શરૂ થનાર ફેસબુક પેજમાં કોઈ પણ વ્યકિત આસપાસમાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિની પોસ્ટ મુકશે જેની પોલીસ તપાસ કરીને તાત્કાલીક અસરથી એકશન લેવા ટીમ મોકલશે. પ્રજાને સાવધાન રાખવા માટે પોલીસ સમયાંતરે જરુરી સુચનો પણ મુકશે અને જનજાગૃતિની પોસ્ટ પણ કરશે તે ઉપરાંત પોલીસ દ્વારા કરવામાં આવલી પ્રશંસનીય કામગીરી કે ડીટેકશન પણ ફેસબુક પેજમાં પોસ્ટ કરીને પ્રજા સુધી પહોંચાડવામાં આવશે. પ્રજાનો રીસ્પોન્સ સારો મળશે અને પોલીસ પણ તે જ રીસ્પોન્સથી કામગીરી કરશે તો ગાંધીનગરમાંથી મોટા ભાગની બદીઓ દૂર થઈ જશે તેમાં બે મત નથી.

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત એક્સરસાઈઝ પ્લાઝામાં કસરતનાં સાધનો મુકાયાં

ટ્રેડમીલ, સાઈકલ સહીત વિવિધ ૮ સાધનોથી પાર્કની રોનક નિખરી

ગાંધીનગર, તા. ૪

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત નવનિર્મિત એક્સરસાઈઝ

પ્લાઝામાં આમ નાગરિકો માટે કસરતના નવા સાધનો મુકવામાં આવ્યા છે. પાર્કને નિકારવાનુંઆખરી આયોજન પૂર્ણ થયા બાદ આ સાધનો લોક ઉપયોગી થશે.

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કનું પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ કરી દેવાયા બાદ હાલ બીજા તબક્કાના કામની પણ વહીવટી મંજુરી અર્થે દરખાસ્ત મોકલવામાં આવી છે. ઘ-૪ થી ગ-૪ વચ્ચેના હરિયાળા પાર્કમાં ચિલ્ડ્રનપ્લાઝા ફૂડકોર્ટ તેમજ એક્સરસાઈઝ પ્લાઝા સહીતના અનેક આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. આગામી બીજા તબક્કામાં પણ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના હદમાં પાર્કની કામગીરી આગળ ધપાવવાનું કામ હાથ ધરાશે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રાત્રીના સમયે રોનક નિખરે છે. લાઈટીંગ અને સીટીંગ અર્મેલા સહીતના આકર્ષણોના લીધે સ્વર્ણિમ પાર્ક હવે નગરજનોના કેન્દ્ર સ્થાને છે. ત્યારે પાર્કમાં સ્થિત એક્સરસાઈઝ પ્લાઝામાં પણ આમ નાગરિકો માટે કસરતના સાધનો મુકવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ટ્રેડમીલ, સાઈકલ ઉપરાંત સોલ્ડર તેમજ મેસ્ટ એક્સરસાઈઝ માટે વિવિધ ૮ જેટલા સાધનો ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. હાલની સ્થિતિએ એક્સરસાઈઝ પ્લાઝા તૈયાર કરી દેવાયો છે. સૂત્રઓના જણાવ્યા અનુસાર સમગ્ર પાર્કને નિખારવાની કામગીરીને આખરી ઓપ આપી દેવાયા બાદ આ સામનો નગરજનો માટે ઉપયોગ અર્થે મુકાશે.

વરસાદ બાદ બફારાથી વસાહતીઓ ત્રાહીમામ

બે દિવસ અગાઉ પડેલા વરસાદી ઝાપટા બાદ ભયંકર બફારો શરૂ થયો છે : સૌ પરસેવે રેબઝેબ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં બે દિવસ અગાઉ વીજળી પવન સાથે જોરદાર વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. પરંતુ ત્યારબાદ બીજા દિવસથી જ ભયંકર બફારો શરૂ થઈ ગયો છે. વસાહતીઓ હવે ક્યારે બીજુ વરસાદી ઝાપટુ પડે તેની રાહ જોઈ રહ્યા છે.

ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલા અનુભવાઈ રહેલો બફારો ત્રાસદાયી બની રહ્યો છે. દિવસે અને રાત્રે પણ ચેન ન મળે તેવું વાતાવરણ સર્જાયુ છે. બે દિવસ પહેલા પડેલા વરસાદી ઝાપટા બાદ તો પરિસ્થિતિ વધુ વિકટ બની રહી છે. વસાહતીઓ પરસેવાથી રીતસર નીતરી રહ્યા છે. ક્યાંય પણ ગરમીથી છુટકારો મળતો નથી. ખુલ્લી જગ્યામાં બેસે તો પણ પરસેવો થાય તેવું વાતાવરણ સર્જાયુ છે. નહાઈને બાથરૂમની બહાર નીકળીને તુરંત જ પરસેવો થવાનો શરૂ થઈ જાય છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા પરિસ્થિતિ વધુ દોહલી બની છે. હવે તો ક્યારે બીજુ વરસાદી ઝાપટુ પડે તેની સૌ રાહ જોઈ રહ્યા છે. તાપમાન તો નીચું નોંધાયુ છે પરંતુ ભેજનું પ્રમાણ વધુ છે. આજે મહત્તમ તાપમાન ૩૯ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૨૮ ટકા રહ્યુ હતુ.

‘ગ’ માર્ગ પર ચેમ્બરો ખસેડવાનું કામ ચોમાસા પૂર્વે પૂર્ણ કરવા માંગ

વરસાદી ઝાપટા બાદ ખૂંદાયેલા ‘ગ’ માર્ગ પર ભયજનક સ્થિતિ

ગાંધીનગર, તા. ૬

‘ગ’ માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બર ખસેડવાનું કામ બે મહિનાના અંતે પણ પૂર્ણ થયું નથી. ખુંદાયેલા ‘ગ’ માર્ગ પર આ કામગીરીના લીધે ભયજનક સ્થિતિનું નિર્ણાણ થયું છે. પ્રિ.-મોન્સુન ઝાપટાના અંતે ખોદાયેલી ચેમ્બરો વાહનચાલકો માટે જોખમી બની છે. ત્યારે આ કામગીરી ચોમાસા પૂર્વે પૂર્ણ કરવા સ્થાનિક રહીશોએ પ્રબળ માંગ કરી છે.

શહેરના ‘ગ’ માર્ગ પર વચાળે સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોના લીધે ભયજનક સ્થિતિનું નિર્માણ થતા તંત્ર દ્વારા આ ચેમ્બરો ખસેડવાનું કામ શરૂ કરાયું છે. ‘ગ’ માર્ગ પર માર્ગ વચાળે સ્થિત ચેમ્બરો પરથી ભારે વાહનો પસાર થતા તેના ઢાંકણ તુટી જવાના લીધે રસ્તા વચ્ચે ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. આ ભયજનક સ્થિતિ વચ્ચે વારંવાર અકસ્માત થતા માર્ગ સલામતી જોખમાઈ હતી. જેના પરિણામે રોષે ભરાયેલા સ્થાનિક રહીશોએ જોખમી સ્થિતિ ટાળવા તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી. ‘ગ’ માર્ગ પરથી ચેમ્બરોને ખસેડવા પાટનગર યોજના વિભાગ દ્વારા અંદાજિત રૂ. ૩૩ લાખના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ છેલ્લા બે મહિનાના અંતે પણ આ કામ પૂર્ણ થયું નથી. ગ-૦ થી ગ-૪ વચ્ચે ચેમ્બરો ખસેડી દેવામાં આવી છે પરંતુ ગ-૪ થી ગ-૭ વચ્ચેનું કામ હજુ પણ અપૂર્ણ છે. બીજીતરફ વરસાદી દિવસો નજીક છે. ત્યારે ખુંદાયેલા ‘ગ’ માર્ગ પર ગમે તે સમયે અકસ્માત થાય તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં આગામી ચોમાસાને ધ્યાને લઈ ચેમ્બરો કોર્નર કરવાનું કામ ત્વરિત પૂર્ણ કરવા રહીશોએ તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

કુડાસણમાં એક મહીનામાં પમ્પીંગ સ્ટેશન તૈયાર થઈ જશે

નજીકની સોસાયટીઓમાં ગટરો ઉભરાવવાની સમસ્યા હલ થશે

ગાંધીનગર, તા. ૬

કુડાસણમાં હાથ ધરાયેલ પમ્પીંગ સ્ટેશનની કામગીરી આગામી એક મહીનામાં પૂર્ણ થઈ જશેજ્યારે પમ્પીંગ સ્ટેશનની કામગીરીના અંતે ન્યૂ ગાંધીનગરમાં ખાળકૂવા ઉભરાવવાની સમસ્યાનું પણ નિવારણ આવશે.

ન્યૂ ગાંધીનગર સ્થિત નવનિર્મિત સોસાયટીઓમાં ખાળકૂવા ઉભરાવવાની ફરિયાદો સમયાંતરે ઉદભવતા રહીશો તોબા પોકારી જાય છે. ગુડા દ્વારા ન્યૂ ગાંધીનગરના રહીશોને પાણી ગટરની માળખાગત સુવિધા પૂરી પાડવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જે અન્વયે તેમજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપરાંત રાયસણ અને કુડાસણ સહીત ત્રણ સ્થળોએ પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કુડાસણ વિસ્તારમાં આગામી એક મહીનામાં પમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરી દેવાશે. જેના અંતે નવ વિકસિત સોસાયટીમાં પણ ગટરો અને ખાળકૂવા ઉભરાવવાની સમસ્યા હલ થઈ જશે. રાયસણ તેમજ ટી.પી.-૧ ૩માં પણ પમ્પીંગ સ્ટેશનનું કામ ચાલુ છે. જો કે આ કામગીરી પૂર્ણ થતા હજુ પણ સમય લાગશે.

અભિનંદન

શ્રી યશેષભાઈ વૈષ્ણવ

ઓલ ઈન્ડિયા બેંક ઓફ બરોડા ઓફીસર્સ એસોસીએશનમાં સેન્ટ્રલ કમિટી મેમ્બર તરીકે પસંદગી પામવા બદલ ‘ટીમ ગેઝીયા’ના ‘લીડર’ને અભિનંદન. આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ...

રવિ ગુપ્તા, રામ સોની, મધુર વસાવડા, રાજ મસરાણી, દિપક વ્યાસ, મહેન્દ્રસિંહ ઝાલા, ભાવેશ શાહ, વિશાલ વ્યાસ, મુકેશ પરમાર, અમીત સોલંકી, જિગ્નેશ વાઘેલા

કચ્છી ઓર્ગેનિક કેસર કેરી

કચ્છની અસલ ૧૦૦% કાર્બાઈડ ફ્રી ઓર્ગેનિક કેસર કેરી આવી ગયેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે ડિલીવરી મળશે.

એક પેટી 10Kg.ના રૂ. 430/-

સંપર્ક : ૯૯૦૯૦ ૩૦૦૩૨

વોક ઈન ઈન્ટરવ્યુ

મિશન મંગલમ (સર્વન) યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગ્રામ મહિલા સમાજ સંગઠકને લઇ કંગાળી ઘોરણે ૧૧ માસ માટે કરાર આધારિત કામગીરી માટે રોકવાના હોવાથી નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની અસલ પ્રમાણપત્રો સાથે તા. ૧૮-૬-૨૦૧૩ સમય સવારે ૧૧:૩૦ કલાકે નીચે જણાવેલ સરનામે સ્વખર્ચે ઉપસ્થિત રહેવો.

આ યોજના અંતર્ગત સમાજ સંગઠક તરીકે થી સ્વયંસિદ્ધાના કાર્યોની જાણકારી તથા સખી મંડળના જૂથની રચના, તેમના ઉત્તર વિકાસની સહાય કરવાની. જૂથોને લાંબા સમયગાળા ટકાવી રાખી તેમને ઝીંક વિકાસ સ્વયંભૂતાથી મેળવી શકે વધારે કામગીરી કરવાની રહેશે. તે માટે બાકીના કામગીરી પેટે માસિક રૂ. ૪૦૦૦/- ની મુકવણી કરવામાં આવશે.

લાયકાત વયમર્યાદા ઈન્ટરવ્યુની તારીખે ૨૫ વર્ષ પુરા થયેલ હોવા જોઈએ. અને ૩૦ વર્ષથી વધારે જોઈએ નહી. એસ.સી./એસ.ટી./અન્ય પછાત વર્ગની લાયક ઉમેદવાર માટે ૫ વર્ષની છુટછાટ છે.

શૈક્ષણિક લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટીના ધોરણે તેમજ સી ડિવિઝન માટે ડ્રાઈવિંગ ઉમેદવાર લાયક ગણાશે.

અનુભવ: સમાજકક્ષ સેવાની કામગીરીમાં લેખીત અનુભવ અને સી ડિવિઝનના વાહનોની જાણકારી. વધારાની લાયકાત ગણી વધારે.

આ કરાર આધારિત કામગીરી લઇ કંગાળી ધોરણે કરવાની રહેશે. તેમાંથી કાયમી ધોરણે પ્રકાશનો કરવાની જોગવાઈને ધ્યાન મારી જતો નથી.

ઈન્ટરવ્યુનું સ્થળ :- ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, એમ. એસ. બિલ્ડીંગ, પ્રથમ માળ, સેક્ટર - ૧૧, ગાંધીનગર

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

રખડતા ઢોર - ગુજરાતના કોઈપણ શહેરમાં રખડતાં ઢોરની જેટલી અને જેવી ફરિયાદ હોય એવી અને એટલી જ ફરિયાદ ગાંધીનગરમાં પણ છે... અને તે પણ સચિવાલય, વિધાનસભાની આસપાસ મહાત્મા મંદિરના પ્રાંગણમાં ઉછરી રહેલ સ્વર્ણિમ પાર્કમાં રખડતાં ઢોર મુક્તપણે વિહરે છે... લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલ સ્વર્ણિમ પાર્કની હરિયાળી ચરતાં ઢોરને રોકવાની કોઈને નવરાશ નથી... કે હિંમત નથી એ પ્રશ્ન સૌને મુંઝવે છે...

કુડાસણના ટી.પી. વિસ્તારમાં માર્ગ નિર્માણનું બાકી કામ પૂર્ણ કરાશે

નવા રસ્તા બનાવવા રૂ. ૫ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૬

ગુડામાં ટી.પી. ૬ ના કુડાસણ વિસ્તારમાં માર્ગ નિર્માણના અધુરા કામો પૂર્ણ કરવામાં આવશે. વિકસિત ટી.પી. વિસ્તારમાં રસ્તાના કામો હાથ ધરવા ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. વિકાસના નવતર યોજનાની સાથે ટી.પી. વિસ્તારમાં ગ્રીનસીટી અને કલીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન વ્યવસ્થા, બગીચા નિર્માણ તળાવ વિકાસ સહિતના વિકાસના નવા કામો હાથ ધરાયા છે. જયારે વિકાસના નવતર અભિગમ અને વસતીને ધ્યાને લઈ આગામી દાયકાઓને લક્ષમાં રાખી માળખાગત સુવિધાના કામો હાથ ધરાયા છે. જેમાં મુખ્યત્વે પાણી-ગટર વ્યવસ્થાને અનુલક્ષીને પણ તબક્કાવાર કામગીરીનું આયોજન કરવામાં આવે છે. બીજી તરફ વિકસિત ટી.પી. વિસ્તારમાં નવું રોડ નેટવર્ક ઉભું કરવા પણ ગુડાના તંત્ર દ્વારા રસ્તાના નવા તેમજ બીજાકામો હાથ ધરવામાં આવનાર છે. ગુડાના સૂત્રોના જણાવ્યા અનુસાર કુડાસણના ટી.પી. ૬ વિસ્તારમાં બાકી રહેતા રસ્તાના કામો પૂર્ણ કરવા પણ આયોજન કરી દેવાયું છે. અગાઉ માર્ગ નિર્માણની કામગીરીના અંતે બાકી રહી ગયેલી કામગીરી હવે પૂર્ણ કરાશે જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ટૂંકમાં આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે.

બનાવટી CCC+ સર્ટીફીકેટની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ

સે. ૨૧માં રહેતા યુવાને ૧૮૦ જેટલા નકલી સર્ટી બનાવ્યા હોવાની એલ.સી.બી. સમક્ષ કબુલાત કરી : બધા જ સર્ટી એસ.આર.પી. જવાનોને અપાયા હતા : નકલી સર્ટી રજુ કરનાર તમામ જવાનોની નોકરી જાય તેવી શકયતા

ગાંધીનગર, તા. ૬

એકાદ મહિના અગાઉ એસ.આર.પી. ગ્રુપના ડીવાયએસપીએ શંકાના આધારે જવાનોએ રજુ કરેલા સીસીસી પ્લસ પ્રમાણપત્રો બોગસ હોવાની શંકાને આધારે ગાંધીનગર પોલીટેકનીકમાં વેરીફીકેશન માટે મોકલી આપ્યા હતા. જેના રીપોર્ટમાં કેટલાક સર્ટી બનાવટી હોવાનું બહાર આવતા ડીવાયએસપીની ફરીયાદને આધારે ગાંધીનગર એલ.સી.બી.એ તપાસ કરીને એસ.આર.પી. જવાનો તથા બોગસ સર્ટીબનાવનાર સહિત ચાર શખ્સોની ધરપકડ કરીને તપાસ સઘન બનાવી હતી. આ બનાવટી સર્ટી ૧૮૦ જેટલા બનાવાયા હોવાની આરોપીએ નિવેદન કરતાં કયાં કયાં એસઆરપી જવાનોએ બોગસ સર્ટી રજુ કર્યા છે તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ વિવિધ જિલ્લાઓના એસઆરપી ગ્રુપ સુધી પહોંચે તેમ હોવાથી ગાંધીનગર એલ.સી.બી. પાસેથી તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવાનો હુકમ થયો છે. ઉલ્લેખનીય છે કે આ ગુનામાં સંડોવાયેલા તમામ એસઆરપી જવાનો કે જેણે બનાવટી સર્ટી ખરીદીને સબમીટ કરાવ્યા છે તે તમામ વિરૂદ્ધ ગુના દાખલ કરવામાં આવશે અને તે દરેકની નોકરી જાય તેવી શકયતા છે.

ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે તપાસ કરીને સે. ૨૧ના સરકારી મકાનમાં રહેતા અને ચિલોડા ખાતે સ્ટુડીઓ ધરાવતા યુવાન શખ્સની બનાવટી સર્ટીફીકેટ બનાવવાના કેસમાં ધરપકડ કરી હતી તે શખ્સ રૂ. ૩ હજારથી માંડીને રૂ. ૫ હજારમાં સીસીસી પ્લસના બનાવટી સર્ટી તૈયાર કરી આપતો હતો. પોલીસે તેનું કોમ્પ્યુટર અને પ્રીન્ટર પણ કબ્જે લઈ એફએસએલમાં મોકલી આપ્યું હતું. એક વચેટીયા એસઆરપી જવાન મારફત તે સરકારી નોકરીમાં ફરજીયાત બની ગયેલું સીસીસી પ્લસનું સર્ટી પોતાના ઘરે જ બનાવીને એસઆરપી જવાનોને પહોંચાડી રૂપીયા કમાતો હતો. એસઆરપીના ડીવાયએસપીએ કરેલા સર્ટીના વેરીફીકેશનમાં કૌભાંડ બહાર આવ્યું હતું જે અનુસંધાને ત્રણ એસઆરપી જવાનો વિરૂદ્ધ પણગુના દાખલ કરીને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નકલી સર્ટી બનાવી આપનાર શખ્સે પોલીસ સમક્ષ કબુલાત કરી છે કે તેણે અત્યાર સુધીમાં અંદાજે ૧૮૦જેટલા બનાવટી સીસીસી પ્લસ સર્ટી બનાવીને વેચ્યા છે. જે જે જવાનોએ આ સર્ટી ખરીદીને ખાતામાં જમા કરાવ્યા હશે તે તમામના સર્ટી વેરીફીકેશન બાદ દરેક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે દરેક નોકરીમાંથી હાથ ધોઈ બેસશે. આ સમગ્ર પ્રકરણની તપાસ અલગ અલગ જિલ્લાઓ સુધી પહોંચે તેમ હોવાથી હવે આ તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી દેવામાં આવી છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com